# અરવલ્લીમાં કાળઝાળ ગરમીના લીધે પક્ષીઓ સનસ્ટ્રોકનો ભોગ બન્યા

મોડાસા, તા.૮

અરવલ્લી જિલ્લામાં સતત તાપમાનનો પારો ૪૫ ડીગ્રીએ પહોંચતા ઉનાળાની આ કાળઝાળ ગરમીમાં માનવી તોબા તોબા પોકારી ઉઠયા છે ત્યારે સતત તાપમાનમાં વધારો થવાથી અને ગરમીથી પક્ષીઓ પણ સનસ્ટ્રોકનો શિકાર બને છે. જયારે કેટલાક પક્ષીઓ સનસ્ટ્રોકના કારણે બેહોશ બની જવાની સાથે મોત નિપજતાં હોવાથી જીવદયા પ્રેમીઓમાં શોકની લાગણી ફેલાઈ છે.

અરવલ્લી જિલ્લામાં તાપમાનમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. ઉનાળાની શરૂઆત થતાં પહેલા જ જિલ્લાના જીવદયા પ્રેમીઓએ પક્ષીઓ માટે ઉનાળાની ગરમીમાં પાણીનો જથ્થો પુરતા પ્રમાણમાં મળી રહે તે માટે તનતોડ મહેનત કરી ઝાડ પર અને ઘરે ઘરે પાણીના કુંડા લગાવી સતત પાણી પુરું પાડવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો હોવા છતાં પાણીના અભાવે પક્ષીઓ ડિહાઈડ્રેશનનો ભોગ બની રહ્યા છે. પક્ષીઓ પાણીના અભાવે ડિહાઈડ્રેશનના લીધે બહેરા બની જતા હોવાથી આકાશમાં ઉડતા પક્ષીઓ જમીન પર પટકાય છે અને ઉંચે ઉડતા પક્ષીઓ જમીન પર પટકાતાં મોતના મુખમાં ધકેલાઈ જાય છે જયારે સનસ્ટ્રોકનો ભોગ બનતા પક્ષીઓ માળાઓમાંથી કે ઝાડ પરથી પણ પડી જતા હોવાથી પક્ષીઓ ફ્રેક્ચરનો ભોગ બની જતા ફરીથી ઉડવા સક્ષમ રહેતા નથી. અરવલ્લી જિલ્લામા અંદાજે રોજના ૧૫ થી ૨૦ પક્ષીઓ સનસ્ટ્રોકના કારણે મોત નીપજતા હોવાનું જાણવા મળેલ છે. બળબળતા ઉનાળામાં પક્ષીઓને ગરમીથી રક્ષણ મેળવવા માટે ફકત પાણી જ એક ઉપાય હોવાથી ઉનાળાની ગરમીમાં પક્ષીઓ પીવાનું પાણી શોધવા ભટકતા નજરે પડતા હોય છે. સનસ્ટ્રોકનો સૌથી વધારે જિલ્લામાં કબૂતર, કાગડા, પોપટ અને હોલા ભોગ બનતા નજરે પડે છે. આજે મોડાસા શહેરમાં સીટી પ્લાઝા કોમ્પ્લેક્ષમાં ૩ કબૂતરો સનસ્ટ્રોકનો ભોગ બનતાં બેને બચાવવામાં સફળતા મળી હતી પરંતુ એક કબૂતરને ડિહાઈડ્રેશનની અસર વધુ જણાતાં કોમ્પ્લેક્ષના દુકાનદારોએ પાણી પીવડાવી બચાવવા પ્રયત્નો હાથ ધર્યા હતા છતાં મૃત્યુ નિપજતાં દુકાનદારો અસ્વસ્થ બની ગયા હતા. નિમેશ માસ્ટરના જણાવ્યા અનુસાર કબુતરને પાણી પીવડાવી માવજત કરવા છતાં મોત નિપજતાં જાણે પરિવારનો સભ્ય ગુમાવ્યો હોય તેવો અહેસાસ થાય છે.


(તસવીર : જય અમીન, મોડાસા)


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

સાબરકાંઠા ગુરુ બ્રાહ્મણ સમાજનો આઠમો સમૂહ લગ્નોત્સવ શુક્રવારના રોજ હિંમતનગરના અગીયોલ પાટીયા પાસેની મોઢ પટેલ સમાજવાડી ખાતે યોજાયો હતો. આ સમૂહ લગ્નોત્સવમાં ૨૫ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. આ શુભ પ્રસંગે નવદંપતિઓને વડગામના ધારાસભ્ય મણિભાઈ વાઘેલા, સમાજના પ્રમુખ ગૌતમભાઈ ગેડીયા, હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ આશીર્વચન પાઠવ્યા હતા.

# મોડાસાના રમાણા ગામમાં બુટલેગર દ્વારા ખેડૂત પર હુમલો

મોડાસા, તા.૮

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના રમાણા ગામમાં ખેતરમાં રહી ખેતીના વ્યવસાયની સાથે પશુપાલન કરી જીવનનિર્વાહ કરતા એક ખેડૂત પર ગઈ કાલે રાત્રે અજાણ્યા બુટલેગર અને તેના સાગરીતોએ ભેગા મળી ખેડૂત પર હુમલો કરી શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી નાસી છૂટયા હતા. ખેતરમાં રહેતા ભરવાડ પરિવાર પર બુટલેગર દ્વારા કરાયેલા હિંચકારા હુમલાથી ફફડાટ ફેલાયો છે. રમાણા ગામના લોકોએ ખેડૂત પરિવાર પર કરેલા હુમલાને વખોડી કાઢયો હતો.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર રમાણા ગામમાં ખેતરમાં રહેતા અને ખેતમજૂરી સાથે પશુપાલનનો વ્યવસાય કરતા હસમુખભાઈ વિશાભાઈ ભરવાડ ગઈ કાલે રાત્રીના સુમારે ગામમાં સમાજના યુવાનના લગ્ન હોવાથી વરઘોડામાં જઈ રાત્રીના ૧.૩૦ વાગ્યાના સમયે પોતાના ખેતરમાં રહેલા ઘરે આવતા હતા ત્યારે તેમના ખેતરમાં બુટલેગર બાઈક પર થેલામાં વિદેશી દારૂની બોટલો લઈને ઉભો રહ્યો હતો ત્યારે હસમુખભાઈએ ખેતરમાં કેમ ઉભો રહ્યો છે તેમ જણાવતા બુટલેગર ઉશ્કેરાઈ ગયો હતો અને હસમુખભાઈ સાથે મારઝુડ કરતાં નાસી છુટયો હતો. જે અંગે ખેડુતે ફોન દ્વારા ગામ લોકોને આ ઘટના અંગે જણાવતા તેમના પરિવારના સભ્યો અને ગામ લોકો દોડી આવ્યા હતા અને ભરવાડ હસમુખભાઈ વિસાભાઈ તેમના કાકા કાન્તિભાઈ અરજનભાઈ ભરવાડ (રહે. રમાણા) એ બુટલેગરનો બાઈક વડે પીછો કરતાં બુટલેગરે રમાણા ગામના લોકો તેનો પીછો કરી રહ્યા હોવાની જાણ કરતાં અમલાઈ ગામની સીમમાં બુટલેગરના છુપાઈ રહેતા સાગરીતોએ બાઈક પર આવી રહેલા હસમુખ ભરવાડ અને કાન્તિભાઈ ભરવાડ પર લાકડીઓ વડે હુમલો કરતાં હસમુખભાઈ ભરવાડના શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. બુટલેગર અને સાગરીતો મારઝુડ કરી રહ્યા હતા ત્યારે રમાણા ગામના લોકો દોડી આવતાં બુટલેગર અને તેના સાગરીતો ફરાર થઈ ગયા હતા. હસમુખભાઈને શરીર પર ગંભીર ઈજાઓ પહોંચતા ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયાં વધુ સારવારની જરૂરીયાત જણાતાં હસમુખભાઈ ભરવાડને મોડાસાની મંથન ઓર્થોપેડિક હોસ્પિટલમાં ખસેડી હાથના ભાગે ઓપરેશન કરી માથાના બાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર હાથ ધરી હતી.


(તસવીર : જય અમીન, મોડાસા)

રમાણા ગામમાં ખેડૂત પર બુટલેગરે અને તેના સાગરીતોએ ખેડૂત પર હિચકારો હુમલો કરી મારી નાખવાનો પ્રયાસ કરતા રમાણા તેમજ આજુબાજુના ગામડાઓના ભૂમિપુત્રોમાં ફફડાટ ફેલાયો હતો.

# ડીસામાં થેલેસેમિયા ડે નિમિત્તે જાગૃત્તિ રેલી યોજાઈ

થેલેસેમિયા બે પ્રકારના જોવા મળે છે. "માઈનર" થેલેસેમિયા અને "મેજર" થેલેસેમિયા. માઈનર થેલેસેમિયા ધરાવતા લોકો આમતો બધી રીતે તંદુરસ્ત હોય છે, પરંતું તેમના શરીરમાં લોહી બનવાની ક્રિયાની ગતિ મંદ હોય છે. વળી તેમના રકતકણો તંદુરરસ્ત વ્યકિતના રકત્તકણો કરતાં કદમાં થોડાં નાના કમજોર હોતી નથી કે તેના રોજીંદા કામકાજમાં પણ તેને આ રોગની અસર જણાતી નથી, તેને લોહી પણ ચડાવવું પડતું નથી, પરંતુ ક્યારેક હિમોગ્લોબીનનું પ્રમાણ ઘટી જતા કેટલાકને થોડી એનિમિયાની અસર અનુભવાય છે..

આઠ મી મેં એટલે થેલેસેમિયા દીવસ, આ દીવસ સમગ્ર ભારત જે સાંઈબાબા મંદીરથી નીકળી ફુવારા, લેખરાજ ચારરસ્તા થી વિવિધ જગ્યાએ ફરી પરત સાંઈબાબા ના સરદારબાગમાં આવેલ. જેમાં વિવિધ સંસ્થાઓમાં ગાંધીલિંકન હોસ્પીટલ, સીવીલ હોસ્પીટલ, લાયન્સ કલબ, શિવસેના (ઉત્તર ગુજરાત ઝોન), રોટરી કલબ, ભારત વિકાસ પરિષદ, બ્લોક હેલ્થ કચેરી, દેશી લોહાણા



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

હોય છે.

થેલેસેમિયા માઈનર વ્યકિતને સામાન્ય રીતે પોતાની આ ઉણપનો ખ્લાય જલ્દીથી નથી આવતો. પરંતુ એક ખાસ પ્રકારનો.. બ્લડ ટેસ્ટ .. કરાવવાથી ડોકટર આપણા લોહીમાંના રકતકણોનું કદ માપીને આપણા લોહીમાં હિમોગ્લોબીન સ્તરની માત્રા તપાસી આપણને થેલેસેમિયા માઈનર છે કે નહીં તે નક્કી કરી આપે છે . થેલેસેમિયા માઈનર ધરાવતી વ્યકિત શરીર કે મનથી ભરમાં થેલેસેમીયા દીવસ કહેવાય છે, જ્યારે આ દીવસે વિવિધ સંસ્થાઓ દ્વારા જાગૃતિ તથા ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. તેવી જ રીતે ડીસા ખાતે પણ આજરોજ સવારે ૯.૦૦ કલાકે શ્રી જલીયાણ મેડીકલ ઓર્ગેનાઈઝેશન, ઈન્ટરનેશનલ લોહાણા, અખીલ ગુજરાત લોહાણા સમાજ તેમજ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા સાંઈબાબાના મંદીરેથી એક સુંદર જાગૃતી માટેની રેલીનું આયોજન કરવામાં આવ્યું હતુ. સમાચાર, કલાસૃષ્ટિ ફાઉન્ડેશન, કેમીસ્ટ એશોશીએશન, આઈ. એમ. એ, શિવસેના, ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, સ્ત્રી સમાજ, તેરા પંથ યુવક પરિષદ, તેરા પંથ મહિલા મંડળ, જલારામ યુવા સંગઠન, પ્રજાપતિ યુવા ફાઉન્ડેશન, ક્રાંન્તિ સેના-ડીસા,વાગડ લોહાણા સમાજ, પારકર લોહાણા સમાજ, જેવી વિવિધ સંસ્થાઓએ પુરતો સહયોગ પુરો પાડ્યો હતો તેમજ થેલેસેમીયા ની વધુમાં વધુ જાગૃતિ આવે તેવા પ્રયત્નો કર્યા હતા.

# મોડાસાના મરડીયા સ્ટેન્ડ પાસે ટ્રકે બાઈકસવારને અડફેટે લીધો

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મરડીયા બસસ્ટેન્ડ નજીક મોડાસા-શામળાજી રાજ્ય ધોરીમાર્ગ પર ટ્રકના ચાલકે બાઈકચાલકને અડફેટે લેતાં બાઈક ટ્રકના નીચે ઘુસી જતાં બાઈક ચાલકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ગાજણ ટોલપ્લાઝાની એમ્બ્યુલન્સ વાન દ્વારા મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો.

મોડાસા તાલુકાના મરજીયા બસસ્ટેન્ડની નજીક ગુરૂવારની સાંજે ટ્રકે બાઈક ચાલકને અડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં બહાદુરસિંહ ભેમસિંહ પરમાર (ઉ.વ.૫૨) રહે. (આમોદરા, તા. ધનસુરા) પોતાની બાઈક લઈને દધાલિયા ગામ તરફથી પોતાના વતન તરફ પરત ફરી રહ્યા હતા ત્યારે મોડાસા-શામળાજી રાજ્ય ધોરીમાર્ગ પર શામળાજી તરફથી પુરઝડપે આવી રહેલી ટ્રક (ગાડી નં. જીજે૧ઝેટડબલ્યુ૮૭૩૯)ના ચાલકે મરડીયા સ્ટેન્ડ નજીક ગફલતભરી રીતે બેફામ હંકારી બાઈક ચાલકને અડફેટે લેતાં બાઈક ટ્રકના પાછળના ટાયરમાં ઘુસી જતાં બાઈક ચાલકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતથી આજુબાજુથી દોડી આવેલા લોકોએ ગાજણ ટોલટેક્સ પ્લાઝાની એમ્બ્યુલન્સનો સંપર્ક કરી ટોલપ્લાઝાની એમ્બ્યુલન્સવાન દ્વારા બહાદૂરસિંહ ભેમસિંહ પરમારને મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.

## ભિલોડાના વાંકાનેર છાપરાં ગામે ચપ્પુ મારતાં ચકચાર

ભિલોડા,તા.૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાંકાનેર છાપરાં ગામે પત્ની સાથેના આડા સબંધોના કારણે બોલાચાલી કરી ગાળા-ગાળી થતાં ઉશ્કેરાટમાં આવી જઈ જમણા થાપાના ભાગે ચક્કુ મારી ઈજાઓ થતાં આખોય વિસ્તારમાં ચકચાર થવા પામી છે. બનાવની હકીકત એવી છે કે તા.૭/૫/૦૧૫ ના સાંજે ૫:૦૦ વાગ્યાના સુમારે આરોપી (૧) સંજય સોમા ડામોર (૨) વિનોદ સોમા ડામોર બંન્ને રહે. વાંકાનેર છાપરાં તેમાં વિનોદભાઈ સોમાભાઈ ડામોરનાઓએ ગાળા-ગાળી કરી જીતેન્દ્રભાઈ કહેલ કે તુ મારી પત્ની સાથે આડા સબંધ કેમ રાખે છે. તેવું કહેતાની સાથે જીતેન્દ્રના જમણા થાપા પર ચપ્પુ મારી એક બીજાની મદદગારી કરી ગુનો કરતાં આ બાબતે ભિલોડા પોલીસે ધારાધોરણની કાર્યવાહી કરી ઈજા પામેલ જીતેન્દ્રને ભિલોડાની સીવીલમાં સારવાર અર્થે લાવેલ છે.

# મોડાસા મામલતદાર દ્વારા આઈસ કેન્ડીની ફેકટરી પર દરોડા : ફેકટરી સીલ કરાઈ

## થોડાક દિવસ અગાઉ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા તપાસ ધરી સેમ્પલ લેવામાં આવ્યા હતા

મોડાસા, તા.૮

ઉનાળા ની સિઝન ની શરૂઆત થતા ની સાથે જીલ્લા માં સ્વાસ્થયમાટે હાનીકારક કેરી નો રસ આઈસ કેન્ડી અને ઠંડા પીણા ની હાટડીઓ શરૂ થઈ જાય છે ત્યારે આ સ્વાસ્થય માટે હાનીકારક વસ્તુઅદ નુ બજાર માં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ ની અમીછાયા નીચે બેફામ રીતે વેચાણ થાય છે ત્યારે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ ધ્વારા માત્ર મહિનામાં એકાદ વખત વીઝીટ કરી અમુક દુકાનો ના સેમ્પલ લઈ માત્ર દેખાડા પુરતી કાર્યવાહી કરવામાં આવે છે.

ત્યારે મોડાસા તાલુકા ના ટીટોઈ ગામે આવી એક આરોગ્ય માટે હાનીકારક એવી આઈસ કેન્ડી બનાવાની ફેકટર ધમધમતી હતી ત્યાં ગામના જાગુત લોકો ના કારણે ગામમાં રહેતા બાળકો નુ આરોગ્ય ન જોખમાય તે માટે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ માં જાણ કરવામાં આવી હતી ત્યારે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ ધ્વારા થોડાક દિવસ અગાઉ આ ફેકટરી પર રેડ પાડી ને નામ પુરતા સેમ્પલ લઈ ને સેમ્પલ લેબોરેટરી માં મોકલી આપ્યા હતા ત્યારે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ ના ધ્યાને તે સમગ્યે આ ફેકટરી લાઈન્સ વીના ધમધમતી હોવાનુ ધ્યાને આવવા છતાં પણ આ અંગે મોડાસા મામલતદાર ને કોઈ પણ જાણ કરવામાં આવી નહોતીસ ત્યારે આઅંગે ના અહેવાલ મીડીયામાં


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

પ્રસીધ્ધ કરવામાં આવ્યા હતા અને મીડીયામાં પ્રસીધ્ધ થયેલ સમાચાર ને ધ્યાને લઈ ને આજરોજ મોડાસા મામલતદાર વિશાલ સકસેના ધ્વારા આ આઈસ કેન્ડી ની ફેકઠરી પર ઓચીતી રેડ કરવામાં આવી હતી અને તપાસ કરતાં આ ફેકટરી પર લાઈસન્સ ના હોવાનુ જણાઈ આવતાં મામલતદાર ધ્વારા આ ફેકટરી ને સીલ મારી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અત્રે લ્લેખનીય છે કે ઉનાળાની સિઝન શરૂ થયે આજે ત્રણેક મહિના જેટલો સમય વીતી ગયો છતાં પણ શુ તંત્ર ના ધ્યાને આ બાળકો ના સ્વાસ્થય માટે હાનિકાર એવીફેકટરી ધ્યાને નહી આવી હોય કે પછી તંત્ર ધ્વારા આ મામલે તેરી...ચી ચુપ અને મેરી.........ભી ચુપ જેવી નીતી તો નહી અપનાવીહોય તેવી લોકમુખે ચર્ચાઓ એ જોર પકડયુ છે જયારે આ ફેકટરી તો ફકત એક જ છે ત્યારે આવી સમગ્ર અરવલલી જીલ્લા માં કેટલી ફેકટરીઓ આઈસ કેન્ડી ની ધમધમે છે તે હવે કયારે બંધ થશે તે એક ચર્ચા નો વિષય છે.

# ૧૭મીએ બોરિયા-જગાપુર ગ્રામ પંચાયતની પેટા ચૂંટણી યોજાશે

તાજપુર કેમ્પ, તા.૮

તલોદ તાલુકામાં આવેલ બોરિયા-જગાપુર ગૃપ ગ્રામ પંચાયતની પેટા ચૂંટણી આગામી ૧૭મી મે ૨૦૧૫ના રોજ યોજાશે.

તલોદના બોરિયા ગામે ગ્રામ પંચાયતના સરપંચ ગુલાબસિંહ ઝાલા કાર્યરત હતા. પરંતુ થોડાક સમય અગાઉ તેઓનું માર્ગ અકસ્માતમાં કરૂણ મોત થવા પામ્યું હતું જેથી તેઓની સીટ ખાલી પડતા સ્થાનિક ચૂંટણી પંચ દ્વારા પેટા ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૧૭મી મે ૨૦૧૫ના રોજ ચુંટણી યોજાશે. આ ચૂંટણીમાં અનેક ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી.

પરંતુ હવે ૧૭મીએ માત્ર બે ઉમેદવારો ઝાલા ધર્મેન્દ્રસિંહ અને પૂર્વ સરપંચ ગુલાબસિંહ ઝાલાના પુત્ર રણુસિંહ ઝાલા વચ્ચે ચુંટણી જંગ ખેલાશે અને ૧૯મી મે ના રોજ તલોદ મામલતદાર ઓફિસમાં મતગણતરી થશે.

ટ્યુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧